પ્રોફિટ બુકિંગઃ બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં લપસ્યો, નિફ્ટીમાં સહેજ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના મિશ્ર સંકેત વચ્ચે સ્થાનિક સ્તરે પ્રોફિટ બુકિંગ શરૂ થતાં અફડાતફડી વચ્ચે અટવાયેલો સેન્સેક્સ અંતે સાધારણ ઘટાડા સાથે નેગેટીવ ઝોનમાં સરી ગયો હતો. સત્ર દરમિયાન ૪૯,૭૯૫.૧૯ પોઇન્ટની ઓલટાઇમ ઇન્ટ્રા-ડે હાઇ સપાટીને અથડાઇને સેન્સેક્સ અંતે ૨૪.૭૯ પોઇન્ટ અથવા તો ૦.૦૫ ટકાના ઘસરકા સાથે ૪૯,૪૯૨.૩૨ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો જોકે, નિફ્ટી સત્ર દરમિયાન ૧૪,૬૫૩.૩૫ પોઇન્ટની નવી ઓલટાઇમ ઇન્ટ્રા-ડે હાઇ સપાટીને અથડાઇને અંતે ૧.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૦૧ ટકાના ઉછાળા સાથે ૧૪,૫૬૪.૮૫ પોઇન્ટની નવી વિક્રમી સપાટીએ સ્થિર થયો હતો. તેજીના માહોલ વચ્ચે સેન્સેક્સ ખૂલતા સત્રમાં જ લગભગ ૨૫૦ પોઇન્ટની છલાંગ સાથે ૪૯,૭૬૩ પોઇન્ટથી ઊંચી સપાટીએ ખૂલ્યો હતો. જોકે, વેચવાલીનું દબાણ આવતાં બપોરે ૨.૪૮ કલાકે સેન્સેક્સ ૧૭૫ પોઇન્ટ ઘટીને ૪૯,૩૪૧ સુધી અને નિફ્ટી ૪૩ પોઇન્ટ ઘટીને ૧૪,૫૧૯ની સપાટીએ પહોંચ્યો હતો. સત્રના પાછલા ભાગમાં વળી ઘટાડો પચાવતો બેન્ચમાર્ક પોઝિટીવ ઝોનમાં પાછો ફર્યો હતો પરંતુ આખરે મામૂલી ઘટાડા સાથે નેગેટીવ ઝોનમાં જ સરી પડ્યો હતો.

સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યુ હતુ. બીએસઈના મિડકેપ ઈન્ડેક્સ ૦.૬૩ ટકા ઘટીને ૧૯,૦૮૭.૫૯ના સ્તર પર બંધ થયા છે.

જ્યારે બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૩૮ ટકાની નબળાઈની સાથે ૧૮,૮૫૦.૬૬ પર બંધ થયા છે. આજે બેન્કિંગ, એફએમસીજી, આઈટી, ફાર્મા, ઑટો, પ્રાઈવેટ બેન્ક, પીએસયુ બેન્ક અને મેટલ ૦.૧૧-૩.૨૭ શેરોમાં ખરીદારી જોવા મળી છે. બેન્ક નિફ્ટી ૦.૭૩ ટકાના વધારાની સાથે ૩૨,૫૭૪.૬૫ ના સ્તર પર બંધ થયા છે. જ્યારે ફાઈનાન્શિયલ સર્વિસ, ફાર્મા અને રિયલ્ટી શેરોમાં ઘટાડો જોવામાં આવી રહ્યો છે. અગ્રણી શેરોમાં એમએન્ડએમ, એસબીઆઈ, અદાણી પોર્ટ્સ, આઈઓસી અને એનટીપીસી ૨.૩૫-૫.૬૬ ટકા સુધી વધીને બંધ થયા હતા. જ્યારે બજાજ ફાઈનાન્સ, શ્રીસિમેન્ટ, એચડીએફસી, યુપીએલ અને બજાજ ફિનસર્વ ૧.૯૫-૨.૯૪ ટકા સુધી ઘટીને બંધ થયા હતા. મિડકેપ શેરોમાં કંસાઈ નેરોલેક, કેનેરા બેન્ક, આદિત્ય બિરલા ફેશન, બીએચઈએલ અને એલએન્ડટી ઈન્ફોટેક ૩.૦૯-૪.૭૮ ટકા સુધી વધીને બંધ થયા છે. જો કે મિડકેપ શેરોમાં શ્રીરામ ટ્રાન્સફર, અદાણી પાવર, પેજ ઈન્ડસ્ટ્રીઝ, ચોલામંડલમ અને મુથૂટ ફાઈનાન્સ ૩.૨-૩.૭૯ ટકા સુધી ઘટીને બંધ થયા છે.

સ્મોલકેપ શેરોમાં ટાટા એલક્સી, બજાજ ઈલેક્ટ્રિક, નેલકાસ્ટ, કાયા અને કેએનઆર કંસ્ટ્રક્ટ ૧૦.૬૦-૧૫.૫૮ ટકા સુધી ઉછળીને બંધ થયા છે. જો કે સ્મોલકેપ શેરોમાં ભણસાલી એન્જિનયર, અંબિકા કોટન, ફિલ્ટેક્સ ઈન્ડિયા, ત્રિવેણી ટરબાઈન અને વૈભવ ગ્લોબલ ૫.૧૭-૫.૯૮ ટકા નબળાઈની સાથે બંધ થયા છે.

આઇઆરએફસી આઇપીઓ મારફત રૂ. ૪,૬૦૦ કરોડ એકત્ર કરવા ૧૮મી જાન્યુઆરીએ મૂડીબજારમાં પ્રવેશ કરશે. કોલ ઇન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૧ માટેના કેપેસિટી એક્સપાન્શનનો અંદાજ ૩૦ ટકા અથવા તો રૂ. ૩૦૦૦ કરોડ વધારીને રૂ. ૧૩,૦૦૦ કરોડ જાહેર કર્યો છે.

સરકારે જાહેર ક્ષેત્રની કંપનીઓને તેમના કેપેક્સને વધારવાનો નિર્દેશ કર્યો છે, જેથી આર્થિક પ્રવૃત્તિમાં જોમ આવી શકે. પંજાબ સ્થિત ૧૩ પ્રોજેક્ટનો પોર્ટપોલિયો ધરાવતા રિઅમલ એસ્ટેટ ડેવલપર સુષ્મા ગ્રુપે પ્રોજેરક્ટ સાથે સુષ્મા એલિમેન્ટા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ સાથે હિમાચલ પ્રદેશમાં પ્રવેશ કર્યો છે. કંપની છ એકરના આ સેલ્ફ ફંડેડ પ્રોજેકટમાં રૂ. ૫૦ કરોડનું રોકાણ કરશે.

સ્પાઇસ જેટે ૧૧ શહેરમાંર્ં ૩.૫ ટન જેટલી કોવિડ વેક્સિન પહોંચાડી હોવાનો દાવો કર્યો છે. મોતીલાલ ઓલવાલ રિઅલ એસ્ટેટ દ્વારા ૮૦૦ કરોડના ફંડ રેઇઝિંગની યોજના વિચારાઇ રહી હોવાનું કંપનીએ જણાવ્યું હતુ. ટેલિકોમ્યુનિકેશન વિભાગ તરફથી એફડીઆઇ પછીના ડાઉનસ્ટ્રીમ ઇન્વેસ્ટમેન્ટ માટે મંજૂરી મળી ગઇ હોવાના અહેવાલે ભારતી એરટેલના શેરમાં છ ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. કર્ણાટક બેન્કે ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૧૩૫.૫૭ કરોડનો નફો નોંધાવ્યો છે. કોરાનાના મામલાઓમાં વધારાથી વિશ્વભરના રોકાણકારો રોકાણને લઈને નર્વસ છે. આમ છતાં એફઆઇઆઇની લેવાલી ચાલુ રહેશે ત્યં સુધી બજારને આંચ આવવાની શક્યતા ઓછી છે. રોકાણકારોની નજર બજેટ પર છે. એ નોંધવું રહ્યું કે સોમવારે સેન્સેક્સ પ્રથમ વખત ૪૯ હજારને વટાવી બંધ થયો હતો અને રેકોર્ડ તેજીના પગલે બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની ટોટલ માર્કેટ કેપ પ્રથમ વખત ૧૯૬.૫૬ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી હતી.

ખાસ વાત એ છે કે માત્ર સોમવારે એક જ દિવસમાં વિદેશી રોકાણકારોએ ૬.૪૫ કરોડ રૂપિયાની ખરીદી નોંધાવી હતી. ■

માર્કેટ કેપ ₹ ૧૯૭.૦૫ લાખ કરોડના સ્તરે

મુંબઇઃ બીએસઈમાં સેન્સેક્સ બુધવારે ગઈ કાલના ૪૯,૫૧૭.૧૧ના બંધથી ૨૪.૭૯ પોઈન્ટ્સ (૦.૦૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૪૯,૭૬૩.૯૩ ખૂલી, ઉપરમાં ૪૯,૭૯૫.૧૯ સુધી, નીચામાં ૪૯,૦૭૩.૮૫ સુધી જઈ અંતે ૪૯,૪૯૨.૩૨ પર બંધ રહ્યો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૪ કંપનીઓ વધી હતી, જ્યારે ૧૬ કંપનીઓ ઘટી હતી. આજે માર્કેટ કેપ રૂ.૧૯૭.૦૫ લાખ કરોડ રહ્યું હતું, જે ગઈ કાલે રૂ.૧૯૭.૪૬ લાખ કરોડ હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૦૧ ટકા વધ્યો હતો. જ્યારે બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૨ ટકા, બીએસઈ મીડકેપ ૦.૬૩ ટકા, બીએસઈ સ્મોલકેપ ૦.૩૮ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૧૨ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૧૪ ટકા, બીએસઈ ઓલકેપ ૦.૧૫ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૫૧ ટકા બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૦૯ ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૪૩ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં એફએમસીજી ૦.૪૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૨૯ ટકા, આઈટી ૦.૪૫ ટકા, ટેલિકોમ ૧.૩૨ ટકા, યુટિલિટીઝ ૦.૩૪ ટકા, ઓટો ૦.૮૪ ટકા, બેન્કેક્સ ૦.૬૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨૧ ટકા, મેટલ ૦.૨૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૭ ટકા, પાવર ૦.૪૬ ટકા અને ટેક ૦.૫૩ ટકા વધ્યા હતા.

જ્યારે બેઝિક મટિરિયલ્સ ૦.૧૩ ટકા, સીડીજીએસ ૦.૨૮ ટકા, એનર્જી ૦.૪૬ ટકા, ફાઈનાન્સ ૦.૫૪ ટકા, હેલ્થકેર ૦.૮૦ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૦૪ ટકા અને રિયલ્ટી ૦.૩૦ ટકા ઘટ્યા હતા. બીએસઈ એસએન્ડપી સેન્સેક્સમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૬.૨૪ ટકા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૪.૮૦ ટકા, આઈટીસી ૨.૩૫ ટકા, એનટીપીસી ૨.૨૪ ટકા અને ભારતી એરટેલ ૨.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૨.૮૫ ટકા, એચડીએફસી ૨.૭૬ ટકા, બજાજ ફિનસર્વ ૧.૯૫ ટકા, ટાઈટન કંપની ૧.૪૮ ટકા અને સનફાર્મા ૧.૨૫ ટકા ઘટ્યા હતા. આજે એ ગ્રુપની ૨ કંપનીઓને ઉપલી સર્કીટ અને ૩ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી. ■

વૈશ્વિક નરમાઈ અને રૂપિયો મજબૂત થતાં સોનામાં ₹ ૧૮૫નો અને ચાંદીમાં ₹ ૧૧૯નો ઘટાડો

રસીકરણને પગલે અર્થતંત્રમાં સુધારાનો ફેડરલનો આશાવાદ

મુંબઈઃ અમેરિકા ખાતે ૧૦ વર્ષીય ટ્રેઝરની ઊપજમાં વૃદ્ધિ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં આજે લંડન ખાતે સોનાચાંદીના ભાવમાં સાધારણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલ, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો થતાં સ્થાનિક ઝવેરી બજારમાં આજે સત્રના અંતે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૯નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૪થી ૧૮૫નો ઘટાડો આવ્યો હતો. વધુમાં પ્રવર્તમાન કમુહૂર્તના સમયગાળાને કારણે બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં રિટેલ સ્તરની લેવાલી અત્યંત પાંખી રહી હોવાનું બજાર વર્તુળોએ જણાવ્યું હતું. અમેરિકામાં નવાં ચૂંટાયેલા પ્રમુખ જો બાઈડને આગામી ગુરુવારે રસીકરણના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેવું જણાવ્યું હતું અને રસીકરણને પગલે અર્થતંત્રમાં બાઉન્સબૅક જોવા મળે તેવો આશાવાદ અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યક્ત કર્યો હતો. વધુમાં અમેરિકાની ૧૦ વર્ષીય ટ્રેઝરીની ઊપજ ૧૦ મહિનાની ઊંચી સપાટીની નજીક પહોંચી હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હતું. એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ તેમ જ રોકાણકારોની સ્ટિમ્યુલસ પૅકેજની વિગતો પર નજર હોવાથી કામકાજો પાંખા રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધથી ૦.૧ ટકા ઘટીને ૧૮૫૩.૮૦ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૧૮૫૪.૩૦ ડૉલર આસપાસ તથા ચાંદીના ભાવ ગઈકાલના બંધથી ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૨૫.૩૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહેતાં ભાવ ગઈકાલના બંધથી કિલોદીઠ રૂ. ૧૧૯ ઘટીને રૂ. ૬૫,૪૪૫ની સપાટીએ રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વૈશ્વિક નરમાઈ તેમ જ ડૉલર સામે રૂપિયામાં સુધારો આવતાં આયાત પડતરમાં ઘટાડો થવાથી ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮૪ ઘટીને રૂ. ૪૯,૨૮૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૮૫ ઘટીને રૂ. ૪૯,૪૭૯ની સપાટીએ બંધ રહ્યા હતા. ■

ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારો હતો, પરંતુ એશિયન ચલણો સામેની નરમાઈ તેમ જ ગઈકાલે સ્થાનિક મૂડી બજારમાં વિદેશી ફંડોનો આંતરપ્રવાહ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત બીજા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હતું અને ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૭૩.૨૫ના બંધ સામે સુધારાના ટોને ૭૩.૧૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩.૨૩ અને ઉપરમાં ૭૩.૧૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધથી ૧૦ પૈસાના સુધારા સાથે ૭૩.૧૫ની સપાટીએ બંધ રહ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધથી સાધારણ ૦.૦૭ ટકા વધીને ૯૦.૧૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. જોકે, એશિયન ચલણો સામે ડૉલર નબળો પડ્યો હોવાના નિર્દેશો હતા. વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૪.૭૯ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

આ ઉપરાંત એક્સચેન્જની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગઈકાલે સ્થાનિક મૂડી બજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ૫૭૧.૪૭ કરોડની લેવાલી રહી હોવાના અહેવાલ તેમ જ ગત નવેમ્બર મહિનામાં ફળો અને શાકભાજીના ભાવમાં ઘટાડો થતાં રિટેલ ફુગાવો ૧૫ મહિનાની નીચી ૪.૫૯ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હર્તું, જ્યારે મિડિયમ ગ્રેડમાં અમુક માલોની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૧૨નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે રિટેલ સ્તરની માગ પાંખી રહેતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૧૬૦થી ૩૨૨૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર ક્વિન્ટલે રૂ.૬થી ૧૨ વધીને રૂ. ૩૨૧૬થી ૩૪૪૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ એકંદરે નિરસ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૧૧૦થી ૩૧૬૦માં અને રૂ. ૩૧૫૦થી ૩૨૧૦માં થયા હતા. ■

પુરવઠાખેંચની ભીતિ હેઠળ લંડન ખાતે નિકલમાં ઉછાળો

ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે નિકલના ભાવમાં અંદાજે એક ટકા જેટલો ઉછાળો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને સ્ટોકિસ્ટોની ટીન, નિકલ અને લીડ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. ૪થી ૫નો સુધારો આવ્યો હતો. આ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપરની અમુક વેરાઈટીઓના ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૨નો સુધારો આવ્યો હતો.

ફ્રેન્ચની ખનન કરતી એરેમેટે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું હતું કે તેની નિકલ ઉત્પાદક કંપની ન્યૂ કેલેડોનિયાના વિરોધમાં જો દેખાવો ઉગ્ર બનશે અને ઉત્પાદન પર માઠી અસર પડશે તો એક સપ્તાહમાં કંપની લિક્વિડેશનમાં જશે. વધુમાં ફિલિપાઈનના લેન્ગ્યુવાન ખાતેના તુંબાગન આઈલેન્ડ ખાતે ખનન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં નિકલમાં પુરવઠાખેંચની સ્થિતિ સર્જાવાની ભીતિ હેઠળ આજે શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે નિકલના વાયદામાં ભાવ ગઈકાલના બંધથી ૩.૨ ટકા ઉછળીને ટનદીઠ ૧,૩૧,૧૮૦ યુઆનની સપાટીએ રહ્યા હતા, જ્યારે લંડન ખાતે સત્રના આરંભે ભાવ ગઈકાલના બંધથી ૦.૯ ટકા વધીને ટનદીઠ ૧૭,૮૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક ધાતુ બજારમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટો ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ટીન અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૬૨૦ અને રૂ. ૧૩૧૩ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૪ વધીને રૂ. ૧૬૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે છૂટીછવાઈ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨ વધીને રૂ. ૫૪૯ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને અનુક્રમે રૂ. ૫૭૯, રૂ. ૫૬૯ અને રૂ. ૬૦૭ના મથાળે રહ્યા હતા. ■

આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં છ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ભાવ સાંકડી વધઘટે ટકેલાં રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને કારણે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. જોકે, આજે ક્રૂડ પામતેલનો વાયદો સત્ર દરમિયાન ઉપરમાં ૯૯૨.૬૦ અને નીચામાં ૯૭૮ની રેન્જમાં અથડાઈને ૯૭૯.૫૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના પાતાળગંગાથી ડિલિવરી શરતે આરબીડી પામોલિના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૧૧૨થી ૧૧૧૩ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૦૮૨થી ૧૦૮૪, ક્રૂડ પામતેલના રૂ. ૯૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫, સોયા ડિગમના રૂ. ૧૧૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન ક્રૂડના રૂ. ૧૩૧૦, સિંગતેલના રૂ. ૧૪૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૧૫૦ અને સરસવના રૂ. ૧૨૮૦ આસપાસના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર રૂ. ૨૨૧૦થી ૨૨૨૦માં, લૂઝમાં રૂ. ૧૩૬૦થી ૧૩૭૫માં અને વૉશ્ડ કૉટનના રૂ. ૧૦૮૫માં થયાના અહેવાલ હતા. ■

ઈન્ફોસિસનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૫,૦૮૩ કરોડ

મુંબઇઃ ઈન્ફોસિસ લિ.ને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૫,૦૮૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪,૦૭૬ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૨૨,૯૪૬ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨૦,૮૬૨ કરોડ થઈ હતી. બીએસઇની વેબસાઇટ અનુસાર જોકે કંપનીના ગ્રુપનો કોન્સોલિડેટેડ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૫,૨૧૫ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪,૪૬૬ કરોડ થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૨૬,૫૩૮ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨૩,૯૧૯ કરોડ થઈ હતી. ■

વિપ્રોનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૨,૬૧૧.૩ કરોડ

મુંબઇઃ વિપ્રો લિ.ને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૨,૬૧૧.૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨,૨૬૧.૩ કરોડનો થયો હતો. બીએસઇની વેબસાઇટ અનુસાર કંપનીની કુલ આવક રૂ.૧૩,૧૯૫.૧ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૩,૨૧૭.૧ કરોડ થઈ હતી. જોકે કંપનીના ગ્રુપનો કોન્સોલિડેટેડ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૨,૯૯૭.૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨,૪૬૩ કરોડ થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૧૬,૩૨૪.૧ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૬,૦૮૦.૨ કરોડ થઈ હતી. ■

સરકાર રસ્તા અને બંદરોના વિકાસ માટે ૧૩.૭ અબજ ડૉલરના ફંડ સાથે બૅંક સ્થાપશે

નવી દિલ્હીઃ એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ભારતને મંદીમાંથી બહાર લાવવા પ્રયત્નો ચાલી રહ્યા છે અને તેને પૂર્ણ કરવા માટે સરકાર બંદરો, માર્ગ અને પાવર પ્રોજેક્ટમાં નાણાંકીય સહાય કરવા માટે એક બેંક બનાવવાની દરખાસ્ત પર વિચારણા કરી રહી છે. નવી સંસ્થા, ફેબ્રુઆરીમાં બજેટની ઘોષણાના ભાગરૂપે હોઈ શકે છે, તેની ઇક્વિટી મૂડી એક લાખ રૂપિયા (૧૩.૭ અબજ ડોલર) જેટલી હોઈ શકે છે, આ અંગે માહિતગાર સુત્રોએ જાણકારી આપી છે. તેઓએ જણાવ્યું હતું કે હાલના ઇન્ડિયા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફાઇનાન્સ કંપની, જેની પાસે ૨૦ અબજ રૂપિયાનું મૂડીભંડોળ છે, તેને બેંકમાં મર્જ કરવામાં આવશે. શરૂઆતમાં, સંસ્થાને સરકાર દ્વારા ભંડોળ આપવામાં આવશે, જે બાદમાં રોકાણકારોને આમંત્રણ આપશે, એવું સુત્રોએ જણાવ્યું હતું. તે સરકાર દ્વારા સંચાલિત નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ લિમિટેડની તર્જ પર હોઈ શકે છે, જે તેના રોકાણકારોમાં કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ, એશિયન ડેવલપમેન્ટ બેંક અને અબુધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટીની ગણતરી કરે છે. નાણાં મંત્રાલયે પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે મોદીના પ્રધાનમંડળ માટે એક ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. મંત્રાલયના પ્રવક્તાએ આ અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. ગત વર્ષે ગરીબ અને ખેડુતોને મહામારીથી આવેલી મંદીમાંથી બચાવવા માટે આર્થિક પ્રોત્સાહનો મોટો બોજ સહન કરવો પડ્યો હતો અને હવે ભારતની ઉત્પાદક સંપત્તિઓ પર ખર્ચ વધારવાના પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. સિટી ગ્રૂપ ઇન્ક.ના અર્થશાસ્ત્રીઓએ ગત વર્ષે ટાંક્યુ હતું કે ઉભરતા દેશોમાં સૌથી વધુ મંદીનો સામનો કરી રહેલી અર્થવ્યવસ્થાને ફરી બેઠી કરવા માટે, લોકપ્રિય પગલાંઓને બદલે માળખાંકીય સુવિધાઓ પર ખર્ચ કરવો જોઈએ. આગામી પાંચ વર્ષોમાં જાહેર નાણાંકીય ખર્ચની સાથે નવા રોડ-રસ્તાઓ, રેલવે લિંક અને અન્ય માળખાંગત સુવિધાઓ પાછળ ૧.૫ લાખ કરોડ ડોલર ખર્ચવાના મોદી સરકારના લક્ષ્યને પહોંચી વળવા માટે વિદેશી મૂડીરોકાણને આકર્ષિત કરવુ પણ મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૦ સુધીના બે વર્ષમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં આશરે ૧.૭ લાખ કરોડ રૂપિયાનું મૂડીકરણ કર્યુ હતુ. પરંતુ ઉંચી બજેટ ખાધ અને નબળી આવક વૃદ્ધિએ વર્તમાન નાણાકીય વર્ષ માટેની નવી રિકેપિટલાઇઝેશન યોજનાઓ પર બ્રેક લગાવી દીધી છે. ■

કોરોના સંકટથી પ્રત્યેક ભારતીયની આવકમાં નવ ટકાનો ફટકો

નવી દિલ્હીઃ કોરોના મહામારી અને લોકડાઉનના લીધે દરેક ભારતીયે આર્થિક રીતે ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન દરેક ભારતીયના ખિસ્સામાંથી ૧૦,૦૦૦ રૂપિયાની રકમ કોરોના સેરવી ગયો છે. જો સરળ શબ્દોમાં કહીયે તો ચાલુ વર્ષે દરેક ભારતીયે સરેરાશ ૧૦,૦૦૦ રૂપિયાની આવક ગુમાવી છે અથવા તો આટલી કમાણી ઘટી છે. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિકસ એન્ડ પ્રોગ્રામ ઇમ્પલિમેન્શન દ્વારા જાહેર કરાયેલા પ્રથમ અગ્રિમ અંદાજ મુજબ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ભારતની માથાદીઠ આવક ૯૭,૮૯૯ રૂપિયા નોંધાઇ છે, જે પાછલા વર્ષ ૨૦૧૯-૨૦ના ૧,૦૭,૪૨૨ લાખની તુલનાએ ૮.૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. ભારતની માથાદીઠ આવકમાં ચાલુ વર્ષનો ઘટાડો એ કદાચ અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો હશે. આ આંકડા દર્શાવે છે કે કોરોના મહામારી અને લોકડાઉને અર્થતંત્રને વ્યાપક નુકસાન પહોંચાડવા ઉપરાંત સામાન્ય વ્યક્તિના ખિસ્સા ઉપર પણ સીધી અસર કરી છે. પ્રથમ અગ્રિમ અંદાજ મુજબ ચાલુ વર્ષે વ્યક્તિગત કુલ રાષ્ટ્રીય આવક ૮.૯ ટકા ઘટી છે તો મૂલ્યની રીતે વ્યક્તિગત જીડીપમાં પણ ૮.૭ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વ્યક્તિગત જીડીપી ૧,૦૮,૬૨૦ રૂપિયા હતી જે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં ૯૯,૧૫૫ રૂપિયા રહેવાનો અંદાજ મૂકાયો છે. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
રદ્દ કરવા અંગેની નોટીસ
ટેન્ડર નોટીસ નં. BCT/૨૦-૨૧/૨૮૭ તા. ૧૬.૧૨.૨૦૨૦, ખૂલવાની તારીખઃ ૧૯-૧-૨૦૨૧ હવે રદ્દ કરાયેલ તરીકે ગણવી. વધુ વિગતો અને માહિતી સુધારા માટે સંબંધીત ટેન્ડરમાં કૃપયા મુલાકાતા લો- www.ireps.gov.in 0574
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
રદ્દ કરવા અંગેની નોટીસ
ટેન્ડર નોટીસ નં. BCT/૨૦-૨૧/૨૮૮ તા. ૨૧.૧૨.૨૦૨૦, ખૂલવાની તારીખઃ ૧૯-૧-૨૦૨૧ હવે રદ્દ કરાયેલ તરીકે ગણવી. વધુ વિગતો અને માહિતી સુધારા માટે સંબંધીત ટેન્ડરમાં કૃપયા મુલાકાતા લો- www.ireps.gov.in 0575
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
કેન્સલેશન નોટીસ
ટે. નો. નં. & તા.: BCT/૨૦-૨૧/૨૮૩, તા. ૧૫/૧૨/૨૦. ખુલવાની તા. ૧૨/૧/૨૧. કામનું નામઃ લોઅર પરેલ (વર્કશોપ): (i) CR-I દુકાન ખાતે ફ્લોરીંગ, રોડ, CC એપ્રોનમાં રીપેર્સ. (ii) પેઈન્ટ શોપ ખાતે ડેડ છેડા ખાતે ટ્રેઈન સાથે લાઈન નં. ૪ & ૮ ખાતે CC એપ્રોનમાં રીપેર્સ, જેને રદબાતલ તરીકે ગણવું. કૃપયા વધુ વિગતો અને સુધારા માહિતી માટે સંબંધીત ટેન્ડરમાં www.ireps.gov.inની મુલાકાત લો. 0567
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
મેઈલ એક્સપ્રેસ ટ્રેઈન્સની અંદરની બાજુએ મીરર્સ પર જાહેરાત
ઈ-ટેન્ડર નો. નં. & તા.: CA11_Advt. ઓન મીરર & પ્રોડક્ટ સેમ્પલીંગ/૨૦૨૧ તા. ૧૧/૧/૨૧. કામ અને સ્થળઃ મુંબઈ ડીવીજન પર ૫ વર્ષની મુદત માટે ૧૫ મેઈલ એક્સપ્રેસ ટ્રેઈન્સમાં પ્રોડક્ટ સેમ્પલીંગ & મેઈલ એક્સપ્રેસ ટ્રેઈન્સની અંદરની બાજુએ મીરર્સ પર જાહેરાત માટે ટેન્ડર. કામની અંદા. કિંમતઃ રૂા. ૫૩,૦૫,૫૯૫/-, ૫ વર્ષ માટે (ટેક્ષીસ ઈ. સિવાય). બારડીઃ રૂા. ૧૦૬૨૦૦/-. વેબસાઈટ જ્યાં ટેન્ડર પત્ર મળશેઃ www.ireps.gov.in ઓનલાઈન સુપ્રતિની બંધ થવાની તા. & સમયઃ ૧૧/૨/૨૧ના ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખુલવાની તા. & સમયઃ ૧૧/૨/૨૧ના ૧૫.૩૦ ક. નોંધઃ કૃપયા વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0563
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
સીમેન્સ ડીજીટલ ISDN કી ટેલિફોન સીસ્ટમનું અપગ્રેડેશન
ટેન્ડર નં.: SG 623/1447/WA તા. ૧૧/૧/૨૧. કામનું નામઃ નિભાવ સહિત ૨ વર્ષની વ્યાપક વોરંટી સાથે સેન્ટ્રલ કંટ્રોલ ઑફિસ, મુંબઈ સેન્ટ્રલ ખાતે બેસાડેલ સીમેન્સ ડીજીટલ ISDN કી ટેલિફોન સીસ્ટમનું અપગ્રેડેશન. કામની અંદા. કિંમતઃ રૂા. ૪૩૩૬૦૦/-. ખાસ ઑફિસ જ્યાં ઈ-ટેન્ડર ખુલશેઃ સીનીયર ડીવીજનલ સિગ્નલ & ટેલિકોમ એન્જીનિયર (CO), ૨જે માળ, DRM's ઑફિસ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮. બારડીઃ રૂા. ૮૭૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તા. અને સમયઃ ૧૧/૨/૨૧ના ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડરની ખુલવાની તા. અને સમયઃ ૧૧/૨/૨૧ના ૧૫.૩૦ ક. પછી ટેન્ડર, વેબસાઈટ www.ireps.gov.in ખાતે જોઈ શકાશે. 0564
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
IGBT બેઝ સ્ટેટીક બેટરી ચાર્જરનું રીપેરીંગ
ટેન્ડર નો. નં.: EL/WA/PL/2020-21/09R. ડે. ચીફ ઈલેક. એન્જી. (૫), પ.રે., કેરીએજ રીપેર વર્કશોપ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, નીચેના કામો માટે અનુભવી કોન્ટ્રેક્ટરો પાસેથી ઈ-ટેન્ડરીંગ મેથડ દ્વારા ઈ-બીડસ મંગાવે છે. સ્થળ સાથે કામનું નામઃ કામના વિગતવાર સ્કોપ મુજબ 120AH/70AH VRLA બેટરીની IGBT બેઝ સ્ટેટીક બેટરી ચાર્જર/ડીસ્ચાર્જર સરકીટ પેનલનું રીપેરીંગ. જથ્થોઃ ૬ નં. સ્થળઃ ઉપરોક્ત દર્શાવ્યા મુજબ. કામની અંદા. કિંમતઃ રૂા. ૬,૧૫,૮૬૦/-. બારડીઃ રૂા. ૧૨,૩૦૦/-. ટેન્ડરની સુપ્રતિની છેલ્લી તા. અને સમય અને ટેન્ડરની ખુલવાની તા.: ટેન્ડરની સુપ્રતિઃ ૩/૨/૨૧ના કે પહેલાં ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડર ખુલશેઃ ૩/૨/૨૧ના બ. ૧૨.૩૦ ક. સુધી. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in ટેન્ડરરોએ ખાતરી કરી લેવી કે હવે પછી કોઈપણ સુધારા વેબસાઈટ પર અપલોડ કરાશે તો ટેન્ડરની ઓનલાઈન સુપ્રતિની અગાઉ તેઓની દ્વારા સદરની સંભાળ લેવામાં આવશે. 0569
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
ફલડ પ્રોન એરીયા ખાતે મલ્ટી સેક્શન ડીજીટલ એક્ષલ કાઉન્ટર
ઈ-ટેન્ડર નં.: SG 217-2-284-WA તા. ૧૨/૧/૨૧. કામનું નામઃ પ.રે.ના મુંબઈ ડીવીજનના વસઈ રોડ સ્ટેશનના ફલડ પ્રોન એરીયા ખાતે મલ્ટી સેક્શન ડીજીટલ એક્ષલ કાઉન્ટરનું એક્ષીક્યુશન ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ તથા કમીશનીંગ, મટેરીયલની પાર્ટ સપ્લાય. કામની અંદા. કિંમતઃ રૂા. ૫,૪૭,૯૧,૧૧૮/-. ટેન્ડરની પત્રની કિંમતઃ રૂા. ૧૦,૦૦૦/-. ખાસ ઑફિસ જ્યાં ઈ-ટેન્ડર ખુલશેઃ સીનીયર ડીવીજનલ સિગ્નલ & ટેલિકોમ એન્જીનિયર (S), ૨જો માળ, DRM's ઑફિસ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮. બારડીઃ રૂા. ૪,૨૩,૯૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તા. અને સમયઃ ૧૦/૨/૨૧ના ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડરની ખુલવા માટેની તા. અને સમયઃ ૧૦/૨/૨૧ના ૧૫.૩૦ ક. પછી. ટેન્ડર, વેબસાઈટ www.ireps.gov.in ખાતે જોઈ શકાશે. 0570
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly